# દહેગામ ખાતે પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી








ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ૬૯મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉત્સાહ પૂર્વક ઉજવણી દહેગામ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર સતીશ પટેલે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને સલામી આપી હતી. કલેકટરએ સ્વતંત્ર અખંડ ભારતના નિર્માણ અને દેશને આઝાદી અપાવનાર શહીદોને સલામ અને નમન કરવાના આ પવિત્ર દિવસે શ્રધ્ધાંજલિ આપી તેમના ચરણોમાં શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે કલેકટર દ્વારા દહેગામ તાલુકાના વિકાસ કામો માટે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈને ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

જિલ્લા કલેકટર સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ અને જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિહ યાદવે ખુલ્લી જીપમાં માર્ચ પાસ્ટ પરેડને સલામી આપી હતી. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી બનનાર સર્વે નગરજનોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ પ્રસંગે કલેકટર સતીશ પટેલે જણાવ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે ગુજરાતના જનજનના વિકાસ માટે સતત અને અવિરત પરિશ્રમ યાત્રા આરંભી છે. ગાંધીનગર જિલ્લામાં કુલ ત્રણ તબક્કામાં ૯૬ સેવાસેતું કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. જેના થકી કુલ-૩ લાખ ૫૨ હજારથી વધુ અરજીઓનો હકારાત્મક રીતે નિકાલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ગરીબ કલ્યાણ મેળામાં કુલ-૪૨,૨૧૮ લાભાર્થીઓને રૂ. ૧૯ કરોડ ૩૧ લાખની સાધન-સહાય આપવામાં આવી છે. ચાલુ વર્ષમાં નવેમ્બર- ૨૦૧૭ સુધીમાં રૂ. ૪,૫૦૦ પ્રતિ કવિન્ટલ ટેકાના ભાવથી કુલ ૩૩,૯૫૩ કવિન્ટલ કુલ રૂપિયા ૧૧૯ કરોડથી વધુની મગફળી ખરીદી કરવામાં આવી છે. તે ઉપરાંત વર્ષ- ૨૦૧૭-૧૮ દરમ્યાન નવેમ્બર- ૨૦૧૭ સુધીમાં કૃષિ અંગે વિવિધ યોજનાના અમલીકરણ અર્થે કુલ રૂ. ૫ કરોડ ૪૨ લાખ ખેડૂતોને સહાય ચુકવામાં આવી છે. મુખ્ય મંત્રી અમૃતમ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં વર્ષ- ૨૦૧૭-૧૮માં ૬૮૫૮ વંચિતોની સુખાકારી માટે મા કાર્ડ આપવામાં આવ્યા છે.

આ પ્રસંગે પર્યાવરણ અને વનીકરણ, સલામતી અને સુરક્ષા, શિક્ષણ, પાણી પુરવઠા, આરોગ્ય અને આઈ.સી. ડી.એસ સંબંધિત ટેબ્લોઝ રજૂ થયા હતા. જેમાં વન ખાતાના ટેબ્લોઝને પ્રથમ ક્રમ મળ્યો હતો. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જિલ્લાની વિવિધ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે દહેગામ નગરપાલિકા અને દહેગામ વાસીઓના સહયોગથી દહેગામ નગરની સ્વચ્છતાને ઉજાગર કરતી અને સ્વચ્છતા અંગેની જાગૃતિ આપતાં ગીતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ગીતનું નૃત્ય શૈલીમાં સુંદર રજૂઆત કરવામાં આવી હતી. તેમજ ગાંધીનગર પોલીસ દ્વારા ડોગ શો પણ રજૂ કરવામાં આવ્યા હતા. કલેકટરના હસ્તે વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર અધિકારી, ખેલાડીઓ અને અન્ય વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ, ગાંધીનગર પ્રાંત અધિકારી આર.એસ. દેસાઈ, જિલ્લા શિક્ષણાધિકારી એસ. એમ. બારડ, દહેગામ મામલતદાર પ્રવિણ પરમાર, દહેગામ નગરપાલિકા ચીફ ઓફિસર સતીશ પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





મહાનગર સેવા સદન અને જિલ્લા પંચાયત ખાતે ત્રિરંગો લહેરાવાયો. પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે મહાનગર સેવા સદન ખાતે મેયર પ્રવિણભાઈ પટેલે ત્રિરંગો લહેરાવી સલામી ઝીલી હતી. આ પ્રસંગે કમિશનર ડી. એમ. મોદી અને નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે જિલ્લા પંચાયત ભવન ખાતે પ્રમુખ રામાજી ઠાકોરે ત્રિરંગો લહેરાવ્યો હતો. વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરાયા હતા. આ પ્રસંગે ડીડીઓ અને જિલ્લા પંચાયત સભ્યો હાજર રહ્યા હતા.

# આજે શહેરમાં સુપ્રસિદ્ધ નાટ્યકૃતિ 'એક તુટી હુઈ ખુર્સી' ભજવાશે

## નવમા રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ અંતર્ગત રંગબહાર અને કેપિટલ ક્રિએટીવ ક્લબનું આયોજન

ગાંધીનગરના આંગણે ખ્યાતનામ દિગ્દર્શક મુસ્તાક કાકના નાટક 'એક તુટી હુઈ ખુર્સી'નું મંચન યોજાશે. નવમા રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ અંતર્ગત રંગબહાર તથા ગાંધીનગરની કેપિટલ ક્રિએટીવ ક્લબના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮મી જાન્યુઆરી રવિવારે સાંજે ૮.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત સાહિત્ય અકાદમીના ચેરમેન વિષ્ણુ પંડ્યા અને કાર્યક્રમના અધ્યક્ષાપદે ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના ચેરમેન ડૉ. હિમાંશુ પટેલ ઉપસ્થિત રહેશે.

ગુજરાતની આંતરરાષ્ટ્રીય સંસ્થા રંગબહાર દ્વારા આયોજિત કેપિટલ ક્રિએટીવ કલબના સહકારથી યોજાનાર નાટક 'એક તુટી હુઈ ખર્સી'ને ભજવવા જમ્મુથી પધારેલા ખ્યાતનામ કલાકારો છેલ્લા ૩૦ વર્ષી કાર્યરત નાટ્ય સંસ્થાની અદ્ભૂત કલાકૃતિ રજૂ કરશે. સાંપ્રત રંગભૂમિના ઉચ્ચ દરજ્જાના કલાકારો સૌ પ્રથમવાર ગાંધીનગર રસિક જનતા સમક્ષ યાદગાર સાંસ્કૃતિક ભેટ આપવા જઈ રહ્યાં છે. ત્યારે કેપિટલ ક્રિએટીવ કલબ દ્વારા આ કલાકૃતિને માણવા નાટ્યરસિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



રામકથા મેદાનમાં પ્રજાસત્તાક પર્વ : શહેરના સેક્ટર-૧૧ રામકથા મેદાન ખાતે તાલુકા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ હતી. પ્રભારી સચિવ સંજીવકુમારના હસ્તે ધ્વજવંદન બાદ પ્રાથમિક શાળાની બાળાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

# પેથાપુરમાં ગેરકાયદે બાંધકામના મુદે ગુડા તથા નગરપાલિકાનો એકબીજાને ખો

ગાંધીનગરની બાજુમાં આવેલ પેથાપુર નગરપાલિકા અને પેથાપુર સીટી સર્વે ઓફિસની મુલીભગતથી પેથાપુર નગરપાલિકામાં ગેરકાયદેસર ફ્લેટોની સ્કીમો ધમધમી રહી છે. ખાસ આ વાત એ છે કે સરકારી જમીનોમાં વાડાઓના ખોટા માલિકો ઉભા કરી સીટી સર્વેમાં દાખલ કરી તેવા જ વાડાઓનું વેચાણો કરી કેટલાક બિલ્ડિંગ કોન્ટ્રાક્ટરો ફ્લેટો બાંધે છે. પેથાપુર નગરપાલિકામાં બાંધકામ કરવુ હોય તો ગુડા મારફતે પરવાનગી લેવાની ૨૦૦4 થી અમલમાં છે. તેમ છતાં પેથાપુર નગરપાલિકાના અધિકારીઓ જુના લેટર પેડ ઉપર ૨૦૦4 પછી પણ પરવાનગી આપી બાંધકામો કરવામાં છુટો દોર આપ્યો છે. તેમાં બાંધકામોનું નીતિ નિયમોનું પણ પાલન થાય છે કે નહિ તે પણ જોવામાં આવતું નથી.

ગુડા મારફતે પરવાનગી લેવામાં આવે તો ફક્ત ત્રણ માળનું બાંધકામ કેટલાક નીતિ નિયમોનું પાલન કરવુ પડે છે. જ્યારે પેથાપુર નગરપાલિકા પાંચ માળનુ બાંધકામ થાય તો પણ ચલાવી લે છે. પાંચ માળ સુધીનું બાંધકામ થઈ જાય છે, તેમાં નિતિનિયમોનું પાલન થતુ નથી. તેમ છતાં બિલ્ડરો અને નગરપાલિકાના અધિકારીઓની મીલિ ભગતથી બધુ બરાબર છે. તેવા સર્ટિફિકેટ આપવામાં આવે છે. પેથાપુર નગરપાલિકામાં બાંધકામ કરવું હોય તો ગુડાની પરવાનગી લેવી પડે તેવો પરિપત્ર હોવા છતાં પેથાપુર નગરપાલિકા પરવાનગી આપી ભ્રષ્ટાચાર આચરી રહી છે.

# આજે સવારે સેન્ટ્રલ વિસ્ટા ખાતે ચેરિટી થૉન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા તા. ૨૮મી જાન્યુઆરીએ રવિવારે સવારે ૬ થી ૧૧ કલાક દરમ્યાન શહેરની મધ્યમાં ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે અનોખી 'ચેરિટી-થોન-વૉક એન્ડ રન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેરિટી થો નો હેતુ દિકરીઓનો શિક્ષિત કરવા પ્રત્યે જાગૃતિ આણી રાષ્ટ્રને સશક્ત બનાવવા માટેનો છે. ચેરિટી થોનમાં ગાંધીનગરની સરકારી શાળાઓની ૨ હજારથી વધુ બાળાઓ સાથે કુલ ૫ હજાર જેટલી મહિલાઓ જોડાશે.

વડાપ્રધાને આપેલ 'બેચી બચાવો - બેટી પઢાવો'નો નારો જ્યારે સમગ્ર દેશમાં ગુંજી રહ્યો છે ત્યારે ગાંધીનગરના આપણુ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'ચેરિટી થોન-વૉક એન્ડ રન'માં શહેરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાઓ ભાગ લઈ રહી છે. આ શાળાની પસંદગી પામેલ બાળાઓને સંસ્થા દ્વારા ટ્રેકશુટ જેમાં ટી-શર્ટ, ટ્રેક ઓલર, શુઝ અને સોક્સની કીટ ભેટ આપવામાં આવનાર છે. વૉક-રન દરમ્યાન બાળાઓને જ્યુસ અને નાસ્તાની સુવિધા પુરી પાડવામાં આવશે.

વૉક એન્ડ રન ચેરિટી થોનનો પ્રારંભ ઘ-૪ સર્કલથી થશે જે મહાત્મા મંદિર થઈ બીજી તરફથી પરત ફરી ચ-રોડ પર વિધાનસભા સામેના માર્ગેથી ઘ-૪ સર્કલ પરત આવશે. ચેરિટી થોનના સમાપને ઘ-૪ થી ગ-૪ સુધીના માર્ગ પર આ બાળાઓને ગાંધીનગર પોલીસ દ્વારા 'સુરક્ષા સેતુ' અંતર્ગત સ્વરક્ષણની તાલીમ આપવામાં આવશે. આ સાથે બાળાઓ માટે ગરબા-ડાન્સ, ઝુમ્બા, એરો બિક્સ એક્સાઈઝ વગેરે યોજાશે.

# સિવિલમાં મહિલા દર્દીના બ્લડ રિપોર્ટમાં ફેરફાર

## એક જ દિવસમાં મહિલા દર્દીનું હિમોગ્લોબીન ૩.૬ થી વધીને ૧૦.૧ થઈ ગયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલના લેબોરેટરી વિભાગમાં આપવામાં આવતા દર્દીના વિવિધ રિપોર્ટમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. લેબોરેટરીનો સ્ટાફ આડેધડ રિપોર્ટની કામગીરી કરતો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. અગાઉ પણ દર્દીના ટેસ્ટ અને રિપોર્ટમાં ઘણી ફરિયાદો ઉઠવા પામી હતી.ત્યારે તાજેતરમાં એક મહિલા દર્દીનો બ્લડ રિપોર્ટ એક દ દિવસમાં બે વાર નિકાળવામાં આવ્યો હતો. હિમોગ્લોબીનમાં વેરીએશન જોવા મળ્યું હતું. પહેલા સેમ્પલ કરતા બીજા સેમ્પલમાં ૭ ટકા વધુ બ્લડ જોવા મળ્યું હતું. આ કિસ્સાને પગલે લેબોરેટરી સ્ટાફની કામગીરી પર પણ શંકાઓ ઉઠવા પામે છે.




ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ઓપીડી વિભાગ સવારના ૯ કલાકથી જ દર્દીઓથી ભરચક હોય છે. ઓપીડી દર્દીઓને ડોક્ટરની ચકાસણી બાદ જરુર પડે વિવિધ ટેસ્ટ માટે મોકલવામાં આવે છે. ત્યારે સિવિલમાં છેલ્લા કેટલાક સમયથી દર્દીઓના સેમ્પલ ગુમ થવા, રિપોર્ટ મોડા મળવા, બે દિવસ છતા રિપોર્ટ ન મળવા, સહિત રીપોર્ટમાં ફેરફાર હોય તે મુજબની અનેક ફરિયાદો તંત્રને મળવા પામી છે. દર્દીઓમાં પણ લેબ વિભાગની કામગીરીને લઈ અસંતોષ ફેલાયો જોવા મળ્યો છે. ત્યારે દર્દીના બ્લડ ટેસ્ટ બાદ જ ડોક્ટર દવા અને સારવારમાં આગળ વધતા હોય છે તેવા સમયે સિવિલની લેબોરેટરીમાં જ રિપોર્ટમાં મોટો તફાવત જોવા મળતા કેટલીક વાર ડોક્ટર્સ પણ ખુદ ચોંકી ઉઠે છે. ત્યારે તાજેતરમાં સારવાર માટે એડમીટ મહિલા દર્દીના વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હિમોગ્લોબીનનો પણ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં પહેલા ટેસ્ટમાં હિમોગ્લોબીન ૩.૬ આવ્યું હતું જયારે બીજીવાર ટેસ્ટ કરવામાં આવતા લેબોરેટરી તરફથી હિમોગ્લોબીનનો રિપોર્ટ ૧૦.૧ આવ્યો હતો. ત્યારે ડોક્ટર પણ બંન્ને રીપોર્ટ જોઈને ગોથું ખાઈ ગયા હતા અને કયા રીપોર્ટને માન્ય ગણવો તેની મથામણમાં લાગી ગયા હતા. ત્યારે લેબોરેટરી વિભાગમાં કામ કરતા કર્મચારીઓ સામે શું દંડનીય કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવશે.

## સે-૫ સી શ્રી કલેહર ધામ ખાતે ભવ્ય ડાયરાનું આયોજન

ગાંધીનગર શહેરના સેકટર-૫ સી ખાતે આવેલ શ્રી કલેહર ધામ સેવા ટ્રસ્ટ ખોડીયાર મંદિર પાછળ તા.૨૮ જાન્યુઆરીને રવિવારના રોજ સાંજે ૮ કલાકે આનંદનો ગરબો તેમજ ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. બકા બાવા ભગત દ્વારા ડાયરાની રંગત જમાવવા આવશે. કલેહર મંદિર સેકટર-૫ અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી આયોજીત આ કાર્યક્રમમાં સૌ ધાર્મિક ભાઈ બહેનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## સરગાસણ વિસ્તારમાં પોલીયાના ટીપા પીવડાવવાશે

ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ઉવારસદ અને સરગાસણ ખાતે આવેલ ટી.પી.૯ ના રહેણાંક વિસ્તારમાં નીચેની જગ્યાએ પોલીયોના બે ટીપા પીવડાવવામાં આવશે. જેમાં એટ્રીયા મોલ સરગાસણ ચોકડી, પ્રમુખ નગર, સત્યમેવ રોયલ, દિવ્ય સંસ્કાર સીટી, શુકન વિલા, અક્ષત આઈકોન, સરગાસણ ગામનો સમાવેશ થાય છે તેમ ડો. સરોજીની ચૌધરીએ જણાવ્યું છે.

## આજે ડો. પથિક પરમારનું વક્તવ્ય યોજાશે

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે બાબાસાહેબના ગ્રંથો પરના પ્રવચનોના સંગ્રહ આંબેડકર વિચાર પુસ્તક વિશે પ્રસિધ્ધ કવિ વિવેચક ડો. પથિક પરમારનું વકતવ્ય તા.૨૮ જાન્યુઆરીને રવિવારના રોજ સાંજના ૫ કલાકે સેકટર-૧૨ આંબેડકર ભવન ખાતે યોજાશે તેમ સંસ્થાના હોદેદાર સાહિલ પરમારે જણાવ્યું છે.

## જીવ કલ્યાણ સંસ્થાની સામાન્ય સભા યોજાશે

સર્વજીવ કલ્યાણ હેતુસર કાર્યવત જીવકલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા તા.૨૮ જાન્યુઆરીને રવિવારના રોજ સાંજના ૫ કલાકે સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં યોજાશે. આ બેઠકમાં સંસ્થાના સૌ સભ્યો તેમજ નગરજનોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.


## મતદારયાદીની સુધારણા-૨૦૧૮

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૮ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

**તા. ૨૨-૧-૨૦૧૮ થી તા. ૧૨-૨-૨૦૧૮ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર પણ આપ આપના નામની ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા. ૧-૧-૨૦૧૮ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૨૮-૧-૨૦૧૮ રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર (કામકાજાના સમય દરમિયાન) સંપર્ક કરો**

- **જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :**
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- **જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.**

**યાદ રાખો**

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.**

**અરજી કરવાની તારીખ : ૨૨-૧-૨૦૧૮ થી ૧૨-૨-૨૦૧૮ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૨૫૫૬/૧૭-૧૮ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય